ફોજદારી ઈન્કવાયરી નં.૧૯/૦૯ નાં કામે આંક–૧ નીચે હુકમ..

.........................................................................................................................

૧. લાંબા સમયથી ફરીયાદીએ આ ફરીયાદ દાખલ કર્યા બાદ હાજર રહેલ નથી. પેન્ડીંગ કેસો સંબધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવાનવાર આદેશો આપવામાં આવે છે.કેસોનાં ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સંબધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીનાં પત્ર નં.૧૭૮/૧૮, તા.૨૩/૦૧/૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટનાં પત્ર નં.૧૯૩/૧૭, તા.૨૦/૦૧/૧૭ તથા ત્યારબાદનાં પત્રો વંચાણે લીધા. તેમજ નામ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબે તેમનાં નોટીફીકેશન નં.૦૧/૧૯ થી આજ રોજ તા.૧૪/૧૨/૧૯ નાં રોજ સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ છે અને તેમાં આવા પ્રકારનાં કેસોને સ્પે.સીટીંગમાં ફેસલ કરવાનો આદેશ કરેલ છે તે ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારનાં કેસોનો નિકાલ કરવાની કામગીરી સંબધે આદેશો કરવામાં આવેલ છે.

૨. જેથી આ કામે ફરીયાદીને પુરતી તકો આપવા છતાં પોતાનો પુરાવો આપેલ નથી કે કોઈ કાર્યવાહી કરેલ નથી. તેમજ ગુનાની સજાની જોગવાઈ તેમજ કેસનો પ્રકાર જોતાં કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતુ નથી. તેમજ પોતે પણ હાજર રહેલ નથી. તે જોતા ગુનાની સજાનો જોગવાઈ તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતું નથી. જેથી ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ::–

– સદરહું ફરીયાદ ફરીયાદીની ગેરહાજરી અને બેદરકારીનાં કારણોસર ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪ મી માહે ડીસેમ્બર સને ૨૦૧૯ નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(બરકતખાન એચ.ઘાસુરા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૭, અમદાવાદ
જજ કોડ જી.જે.૦૦૯૮૩

અમદાવાદ
તા.૧૪/૧૨/૧૯